# બનાસડેરીએ IITના 8 ઇજનેરોને આપી નિમણૂક

**Notebook:** office
**Created:** 07-Aug-18 1:51 PM
**URL:** http://epaper.navgujaratsamay.com/imageview_706_45690_4_73_03-08-2018_2_i_1_sf.html

---

### ગાંધીનગર IITના ઈજનેરોને એક સાથે નિમણૂક આપવામાં આવી

## બનાસડેરીએ IITના 8 ઈજનેરોને આપી નિમણૂક

**નવગુજરાત સમય** > પાલનપુર



એશિયામાં નામના ધરાવતી બનાસડેરી સતત પ્રગતિના સોપાનો સર કરી રહી છે. જેની પ્રગતિ જેટ ગતિએ આગળ ધપે તે માટે ડેરીના ચેરમેન અને નિયામક મંડળ દ્વારા ગાંધીનગર IITના આઠ ઈજનેરોને એક સાથે નિમણૂંક આપવામાં આવી છે.

એશિયાની નંબર વન બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે, સહકારી માળખાના સુચારૂં સંચાલનથી સમાજ સ્વતઃ વિરાટ કાર્યો કરીને સમગ્ર સોશીયો-ઈકોનોમિક માળખા પર કેવી હકારાત્મક અસર કરી શકે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છેલ્લા એક દાયકામાં બનાસ ડેરીએ રજુ કર્યું છે. તજજ્ઞ લોકોને આ સંસ્થા સાથે જોડવાનું ડેરીએ નક્કી કરતાં IIT ગાંધીનગરના ૮ નવલોહીયાઓને કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા બનાસ ડેરીએ પ્લેસમેન્ટ આપેલ છે. ડેરીતંત્રએ પોતાની કોઠાસુજથી અમૂલના કુલ ઉત્પાદનનો ૨૫% હિસ્સો પોતાના નામે કર્યો. દૂધ ઉપરાંત દૂધના પાવડર, ઘી, ચીઝ, દહીં, છાસ, આઈસ્ક્રીમ જેવા ઉત્પાદોમાં પણ રોજના લાખ્ખો ટન નિર્માણમાં બનાસ ડેરીના ૪૦૦૦ કર્મચારીઓ સતત ૨૪ કલાક પરોવાયેલા રહે છે. બનાસ ડેરીના પ્લાન્ટ ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં આવેલા છે. આ વિરાટ બનાસ ડેરીનો પ્રતિદિન ૧૫૦૦ મેટ્રીક ટન પશુ દાણ બનાવવાનો એશિયાનો સૌથી મોટો પ્લાન્ટ પણ છે. આ વિસ્તારના ખેત ઉત્પાદ એવા બટાકા અને તેલીબિયાના મૂલ્યવર્ધન તેમજ મધમાખી ઉછેર દ્વારા ખેડૂતની બહુઆયામી આર્થિક પ્રગતિની દિશામાં આ સહકારી સંસ્થા મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહી છે. વળી હાલના દૈનિક ૭૮ લાખ લીટરના દૂધના ઉત્પાદનને ૯૫ લાખ લીટર સુધી લઈ જવાની અને બનાસ ડેરી દ્વારા જ સંચાલિત મેડીકલ કોલેજના નિર્માણ જેવી મહત્વકાંક્ષી યોજના પર પણ કામ ઝડપથી ચાલી રહ્યું છે. સહકારી કાર્યક્ષેત્રે પોતાની કુલ આવકમાંથી ૮૩% ખેડૂતોને આપે અને પોતાનું વિરાટ સંચાલન ૧૪% જેટલી નજીવી રકમથી કરીને ખેડૂતોને સીધો ફાયદો પહોંચાડવાના લક્ષ્ય સાથે બનાસ ડેરીએ ગયા વર્ષે ૭૦ અરબ રૂપીયાની આવક ખેડૂતોને આપી હતી. પ્રગતિની પાંખોને ફેલાવીને ભારતમાં જ નહીં, પરંતુ સીંગાપોર, અમેરીકા, મીડલ ઈસ્ટ અને હોંન્ગકોંગ સાથે વ્યાપાર કરતાં ડેરીને કુશળ હાથની જરૂર છે.